PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/કવા–૦૨/૧૭–૧૮/ 8341 તા. 26-08-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
માઘીબેન રામજીભાઈ નકુમ,
C/O, વિજય સીનેમા
જામ ખંભાલીઆ
જી. દેવભુમી દ્વારકા
મો: ૦૨૮૩૩ – ૨૩૨૭૭૫

વિષય :–ખેત જોડાણ મા લોડ વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૬–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૫/કવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામ ખંભાળીયા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૫/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૦૯–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: માધીબેન રામજીભાઈ નકુમ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે અરૂણ વેણીલાલ ત્રીવેદી હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

---

**: હુકમ :**

**ફરીયાદ : ખેત જોડાણ મા લોડ વધારા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, અમારા હરીપર મુકામ સર્વે નંબર: ૪૯૪ ( જુના સર્વે નંબર: ૧૩ / ૧ પૈકી / ૨ પૈકી) મા ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર વધારવા માટે તા.૦૬–૦૧–૧૭ ના અરજી નોંધાયેલ હતી. અમારા ગ્રાહક નં. ૮૮૯૫૯/૦૦૧૨૪/૪ છે. અમોએ ૦૫ હોપા નો વીજભાર વધારો માંગેલ હતો. પરંતુ, પીજીવીસીએલ દ્વારા આ બાબતે કશી કાર્યવાહી ન કરી અને અમોને ભાવપત્રક ન આપેલ હોય, જેથી અમોએ ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદારે તેઓના હરીપર મુકામ સર્વે નંબર: ૪૯૪ ( જુના સર્વે નંબર: ૧૩ / ૧ પૈકી / ૨ પૈકી) મા ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર વધારવા માટે તા.૦૬–૦૧–૧૭ ના અરજી નોંધાયેલ હતી. તેઓના ગ્રાહક નં. ૮૮૯૫૯/૦૦૧૨૪/૪ છે. તેઓએ ૦૫ હોપા નો વીજભાર વધારો માંગેલ હતો. જે અન્વયે, વડત્રા પેટા વિભાગીય કચેરી દ્વારા સ્થળ નુ સર્વેક્ષણ કરી અને જરૂરી મંજુરી મેળવી અને તા.૧૫–૦૯–૧૭ ના રોજ રૂ.૩,૦૩૦/– નુ ભાવપત્રક અરજદાર ને રૂબરૂ આપેલ છે. |
| ૨.૨ | ખેતીવાડી વીજજોડાણ મા વીજભાર વધારા અંગેનુ ભાવપત્રક, અરજદાર શ્રી ને તા.૧૫–૦૯–૧૭ ના રાજ રૂબરૂ આપતા – અરજદાર તરફથી તેઓની ફરીયાદ નુ નિરાકરણ થયેલ હોય, તેઓએ તા.૧૬–૦૯–૧૭ ના રોજ લેખીત સંમતીપત્ર મા સહી કરી આપી અને સંતોષ વ્યકત કરેલ છે.આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ની કાર્યવાહી કરાતા, અરજદાર પક્ષકાર તરફથી મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે લેખીત સંમતીપત્ર તા.૧૬–૦૯–૧૭ ના રોજ ના પત્ર મા સહી કરી આપેલ હોય, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે |

**મુદ્દા નં.-૪:** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના લેખીત તા.૧૬–૦૯–૧૭ ના રોજ ના સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.